# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **આજથી શરૂ થનારા વિધાનસભાના સત્રમાં પાંચ ખરડા રજૂ થશે.**
2. **બનાસકાંઠમાં સૂઇ ગામમાં સાંબેલાધાર સોળ ઇંચ વરસાદ. છેલ્લા ચોવીસ કલાકમાં 222 તાલુકાઓમાં શ્રીકાર વર્ષા.**
3. **પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા અનેક નાગરિકોને NDRF,અને ફાયરબ્રિગેડ તેમજ પોલીસે રેસ્ક્યુકરીને સલામત સ્થળે ખસેડ્યા.**
4. **જામનગરમાં વરસાદી માહોલ વચ્ચે પણ ગઇકાલે મોડી રાત્રે અનેક લોકોએ ચંદ્રગ્રહણને ટેલિસ્કોપથી નિહાળ્યુ.**
5. **વેસ્ટ ઝોન ઇન્ટરસ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગુજરાતના ખેલાડીઓએ 4 સુવર્ણ સહિત કુલ 11 ચંદ્રકો જીત્યા**

------------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ASSEMBLY SESSION

15મી વિધાનસભાના ચોમાસું સત્રનો આજથી પ્રારંભ થશે. 10 સપ્ટેમ્બર સુધી યોજાનાર આ સત્રના આજના પ્રથમ દિવસે પ્રશ્નોતરી થયા બાદ સમગ્ર દિવસ દરમિયાન શોકદર્શક પ્રસ્તાવો પર ચર્ચા થશે. જ્યારે તારીખ 9 અને 10ના રોજ પ્રશ્નોતરી અને અન્ય કામકાજ ઉપરાંત ઓપરેશન સિંદૂરની સફળતાના પગલે  મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અભિનંદન પ્રસ્તાવ લાવવામાં આવશે.

સત્ર દરમિયાન કુલ 5  ખરડા રજૂ કરાશે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : દુર્ગેશ મહેતા)

# HEAVY RAIN

રાજ્યભરમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.. તેમાંય ગઇકાલે સવારે છ વાગ્યાથી પૂરા થયેલા 24 કલાક  સુધીમાં 222 તાલુકાઓમાં અતિભારેથી ભારે વરસાદ વરસ્યો છે.. બનાસકાંઠા અને કચ્છને વરસાદે ધમરોળ્યુ છે..

બનાસકાંઠાના સૂઇ ગામમાં સાંબેલાધાર 16 ઇંચ વરસાદ ખાબક્યો હતો જ્યારે ભાંભાર તેર , થરાદ અને વાવમાં સાડા બાર ઇંચ જ્યારે કચ્છના રાપરમાં અગિયાર ઇંચ વરસાદ વરસ્યો હતો.આતમામ વિસ્તારોમાં સાંબેલાધાર વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી..ગામડાઓ માર્ગો પાણીમાં ગરક થઇ ગયા હતા.. ભારેથી અતિભારે વરસાદના પગલે જનજીવન ખોરવાઇ ગયું હતું.

# STATE RAIN

વલસાડ જિલ્લામાં સતત વરસાદના કારણે ઓરંગા નદીનું જળસ્તર વધ્યું છે. નદીના ધસમસતા પાણીથી કૈલાશ રોડનો લોલાઈન બ્રિજ નજીકથી ઔરંગા નદીના ધસમસતા પાણી વહેવા લાગ્યા હતા. જેને લઈને વહીવટી તંત્રએ તાત્કાલિક બ્રિજને વાહનવ્યવહાર માટે બંધ કરી દીધો છે. આ નિર્ણયથી વલસાડ શહેર અને ખેરગામ રોડના 44 ગામોના લોકોને શહેર સુધી પહોંચવા 15 કિલોમીટર વધુ અંતર કાપવું પડશે.ગઇકાલે કપરાડા, વલસાડ, ધરમપુર, પારડી અને ઉમરગામ તાલુકામાં 3 થી 5 ઇંચ વરસાદ નોંધાયો છે

ગઇકાલે સવારે 6 થી સાંજે 4 વાગ્યા સુધીના 10 કલાકમાં નવસારી, જલાલપોર, ગણદેવી, ચીખલી, વાંસદામાં અને ખેરગામમાં 1 થી 3 ઇંચ વરસાદ પડ્યો છે વરસાદને પગલે પૂર્ણા નદીમાં સતત જળસપાટીમાં વધારો થઈ રહ્યો છે. પૂર્ણા નદી 18 ફૂટ ઉપર જ્યારે અંબિકા નદી 18.69 ફૂટ અને કાવેરી નદી 13.50 ફૂટે વહી રહી છે.વાંસદા તાલુકામાં આવેલા જૂજ અને કેલિયા ડેમ ઓવરફ્લો થયા છે.

મધુબન ડેમની સપાટી 77.45 મીટર પહોંચતા ડેમના 10 દરવાજા ખોલી 1,30,000 ક્યુસેક પાણી દમણગંગા નદીમાં છોડવામાં આવ્યું છે. દમણગંગા નદીના જળસ્તરમાં વધારો થતાં વલસાડ જિલ્લાના કપરાડા, વાપી અને ઉંમરગામ તાલુકાના 13 ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. ભારે વરસાદ અને નદીના પાણી ઓવરફ્લો થવાને કારણે જિલ્લામાં 209 રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા જિલ્લાના તમામ આંગણવાડી, શાળાઓ, કોલેજો તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓ આજે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.ભારે વરસાદ વચ્ચે નાગરિકોએ તકેદારી રાખવા તથા સુરક્ષિત રહેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિનંતી કરવામાં આવે છે.

પાટણ જિલ્લામાં સતત હળવાથી ભારે વરસાદ થઈ રહ્યો છે. રાધનપુર તાલુકામાં છેલ્લા 36 કલાકમાં છ ઇંચ ઉપરાંત વરસાદ પડ્યો છે. સાંતલપુરમાં પણ બે દિવસમાં પાંચ ઇંચ તો પાટણમાં છેલ્લા 36 કલાકમાં ત્રણ ઇંચ જેટલો વરસાદ થવા પામ્યો છે.. કેટલાક તાલુકા વિસ્તારોમાં ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ જવા પામ્યા છે જ્યારે નિચાણવાળા વિસ્તારોમાં પણ વરસાદી પાણી ભરાતા નાના વાહન ચાલકો અને રાહદારીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. સતત બે દિવસથી બદલાયેલા વરસાદી વાતાવરણના કારણે જનજીવન પણ પ્રભાવિત થઈ રહ્યું છે.

ડાંગ જિલ્લામાં છેલ્લા ૧૦ કલાક દરમિયાન જિલ્લામા સરેરાશ 2 થી 2.5 ઇંચ વરસાદ નોંધાયો છે. વરસાદને કારણે કુલ ૧૦ જેટલા ગ્રામ્ય માર્ગો અવરોધાયા છે.

મહીસાગર જિલ્લામાં માનગઢ ધામ થઈને રાજસ્થાન તરફ જતા રોડ પર ભારે વરસાદના કારણે ભૂસ્ખલન થતા પ્રોટેક્શન વોલ તૂટતાં રોડ ધોવાઈ ગયો છે ભૂસ્ખલનની આ ઘટનામાં એક ઇકો કાર નીચે ઉતરી ગઈ હતી જોકે કોઈ જાનહાની થઈ નથી, ઘટનાની જાણ થતા માર્ગ અને મકાન વિભાગ પંચાયતની અને

પોલીસની ટીમો ઘટના સ્થળે પહોંચી ભમરી ગામથી રાજસ્થાન તરફ જતા રસ્તા પર બેરીકેટ મૂકી  રસ્તો બંધ કર્યો છે

કચ્છમાં સાર્વત્રિક વરસાદના પગલે ડેમ નદી નાળા છલકાઈ ઉઠયા છે. રાપર પંથકમાં છેલ્લા બે દિવસમાં 11 ઇંચ વરસાદ નોંધાયો છે તમામ બંદરો પર 3 નંબર નું સિગ્નલ લગવાયું છે.

સાબરમતી નદીમાં પાણી વધતા જુના કોબા વિસ્તાર ખાતે આવેલા દંતાલી વાસના ૬૯ લોકોનું શેલ્ટર હોમ ખાતે સુરક્ષિત સ્થાળાંતર કરવામાં આવ્યું છે. મેશ્વો નદીમાં ભારે પુરની પરિસ્થિતિ સર્જાતા દહેગામ તાલુકાના હરસોલી ગામના 23 લોકોનું તંત્ર દ્વારા સુરક્ષિત સ્થળાંતર કરાયું છે શેલ્ટર હોમ ખાતે ખસેડવામાં આવેલા લોકો માટે આરોગ્ય અને ગરમ ભોજન સહિત પ્રાથમિક સુવિધાઓની વહીવટી તંત્ર દ્વારા સ્થળ પર વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉપરવાસમાં ભારે વરસાદના પગલે સાબરમતિ અને હરણાવમાં પાણીનું સ્તર વધતા એનડીઆરએફ અને સ્થાનિક પોલીસ દ્વારા 15 લોકોનું રેક્સ્યૂ કરાયું હતું. સાબરમતિ નદીમાં ખેડબ્રહ્મા પાસે પશુ ચરાવતા નવ લોકો સાબરમતિ નદીમાં ફસાતા એનડીઆરએફ દ્વારા બચાવાયા હતા. જ્યારે પોળોમાં ફરવા ગયેલા અમદાવાદના છ યુવાનોને પોલીસ ટુકડી દ્વાર બચાવાયા હતા. અમીરગઢ પાસેની બનાસ નદીમાં ફસાયેલા યુવકને એનડીઆરએફ દ્વારા રેસ્ક્યૂ કરી બચાવાયો હતો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## WEATHER FORECAST

આગામી ત્રણ દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. આજે બનાસકાંઠા, મહેસાણા, પાટણ, અને કચ્છ માટે અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરાયું છે. પશ્ચિમ દિશામાં સક્રિય થયેલા ડિપ્રેશન અને મોન્સૂન ટ્રફના કારણે ઉત્તર ગુજરાતમાં અત્યંત ભારે વરસાદની આગાહી છે જો કે 3 દિવસ બાદ રાજ્યમાં વરસાદનું જોર ઘટશે તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું.

(બાઇટ : અભિમન્યુ ચૌહાણ, વૈજ્ઞાનિક)

રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ વરસાદ કરતાં 23 ટકા વધુ વરસાદ નોંધાયો છે.

# MOON ECLIPSE

ગઇકાલે ચંદ્ર ગ્રહણ હતું જોકે વરસાદી મોહાલો અને વાદળોને કારણે ખગોળીય ઘટનાઓના નજારો અમુક જ સ્થળે માણવા મળ્યો હતો. ગુજકોસ્ટ દ્વારા અમદાવાદ સહિત રાજ્યભરમાં કેટલાંક સ્થળોએ ચંદ્ર ગ્રહણ નિહાળવાનો કાર્યક્રમ યોજ્યો હતો.

જામનગરના ખગોળ મંડળ તેમજ શ્રી એમ.ડી મહેતા વિજ્ઞાન કેન્દ્ર ધ્રોલના સંયુક્ત ઉપક્રમે જામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં ચંદ્ર ગ્રહણ નિહાળવાનો સાર્વજનિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં ખગોળ પ્રેમીઓ અને શહેરીજનો ઉપસ્થિત હોવાનું ખગોળશાસ્ત્રી સંજય પંડ્યાએ કહ્યું હતું.

## (BYTE: સંજય પંડ્યા, ખગોળશાસ્ત્રી)

# GPSC EXAM

જીપીએસસી દ્વારા ગઈકાલે ડેપ્યુટી સેક્શન અધિકારી અને નાયબ મામલતદારની પરીક્ષા યોજવામાં આવી હતી. આ પરીક્ષા માટે 1.14 લાખ ઉમેદવારો તથા 6 હજાર 313 દિવ્યાંગ ઉમેદવારોએ નોંધવી કરાવી હતી. જો કે, ભારે વરસાદના પગલે 94 હજાર 611 રેગ્યુલર ઉમેદવારો તથા બે હજાર 849 દિવ્યાંગ ઉમેદવારોએ ગઈકાલે પરીક્ષા આપી હતી.

GPSEની વર્ગ 3 ની નોકરી માટેની ગઇકાલે પરીક્ષામાં નવસારી જિલ્લામાં 847 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા,

આ પરીક્ષા નવસારી જિલ્લામાં 12 સેન્ટરો ખાતે લેવાઈ હતી. નવસારી શહેરમાં પરીક્ષાર્થીઓને કોઈ પરેશાની ભોગવવી ન પડે એ માટે પોલીસ તથા વહીવટી તંત્રે પૂરતી વ્યવસ્થા કરી હતી. નવસારી જિલ્લામાં જીપીએસસી વર્ગ 3 ની પરીક્ષા આપવા માટે કૂલ 3337 પરીક્ષાર્થીઓએ ફોર્મ ભર્યા હતા. પરંતુ આ ઉમેદવારોમાંથી 847 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા અને 2490 ઉમેદવારોએ પરીક્ષા આપીને નોકરી માટે નસીબ અજમાવ્યું હતું.

## INTERSTATE BADMINTON CHAMPIONSHIP

વેસ્ટ ઝોન ઇન્ટરસ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગુજરાતના ખેલાડીઓએ 4 સુવર્ણ સહિત કુલ 11 ચંદ્રકો જીત્યા છે આ સ્પર્ધામાં પુરુષ સિંગલ્સમાં અધિક ગુપ્તાએ અર્જુન રેહાનીને 21-18 21-18 થી હરાવી ખિતાબ જીત્યો જ્યારે રાજ્યના તુષાર શર્માએ કાંસ્ય ચંદ્રક જીત્યો.

મહિલા સિંગલ્સમાં રાજ્યની  ઐશની તિવારીએ. કાવ્ય મારવાનીયને 21- 19, 7- 3 થી હરાવી ખીતાબ જીત્યો. આ સાથે વિવિધ શ્રેણીમાં રાજ્યના ખેલાડીઓએ રજત અને કાંસ્ય જીત્યા છે . આ સ્પર્ધામાં ગુજરાતે 4 સુવર્ણ  એક રજત અને છ કાંસ્ય મળી કુલ 11 ચંદ્રક જીતી ઐતિહાસિક પ્રદર્શન કર્યું છે

# AMBJI MELO SAMPANN

ભક્તિ શક્તિ અને આસતાના ત્રિવેણી સંગમ અંબાજી ભાદરવી પૂનમ મહામેળો નિર્વિઘ્નમ સંપન્ન, 40 લાખ કરતાં વધારે માઇ ભક્તોએ પદયાત્રા કરી માતાજીના દર્શન કર્યા હતા, આ મેળા દરમિયાન દૂર દૂરથી મારી ભક્તો બોલ મારી અંબે જય જય અંબે નાદ સાથે અંબાજી ખાતે પધારે છે અને માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

આરાસુરી દેવસ્થાન ટ્રસ્ટ પ્રવાસન વિભાગ અને બનાસકાંઠા વહીવટી તંત્ર દ્વારા 29 સમિતિઓ બનાવી મેળાની વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી, સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેર ઠેર સેવા કેમ્પો નું આયોજન કરવામાં આવ્યું હતું, મેળાના અંતિમ દિવસે અલગ અલગ વહીવટી વિભાગ દ્વારા માતાજીને ધજા ચડાવવામાં આવી હતી.

મેળો સુખરૂપ સંપન્ન થતાં વાજતે ગાજતે માતાજીને અંતિમ ધજા ચડાવવામાં આવી હતી,  ચંદ્રગ્રહણ હોવાથી ગઇકાલે પાંચ કલાકે થી મંદિર સંપૂર્ણ બંધ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------